# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## <u>તા. 10/03/2022ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ</u>

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની વર્ષ 2021-22ની છઠ્ઠી બેઠક **<u>તા. 10-03-2022 ને ગુરુવારના</u>** રોજ **<u>બપોરે 04-00</u>** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલ મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. ભરતભાઈ જોશી : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા, અમદાવાદ)

(3) ડૉ. પુનિતાબહેન હર્ણે : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(4) ડૉ. શ્રીનિવાસ મૂર્તિ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(5) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(6) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, ગાંધી અધ્યયન વિદ્યાશાખા, અમદાવાદ)

(7) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(8) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(9) ડૉ. મહેશભાઈ ગામીત : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(10) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. હસમુખભાઈ દેસાઈ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(12) ડૉ. રામ ગોપાલ સિંહ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(13) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (કા. વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(15) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ.)

(16) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા; અને સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.)

(17) ડૉ. વિનોદભાઈ પાંડેય : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(18) ડૉ. નિરજભાઈ શેઠ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(19) ડૉ. મયૂરભાઈ શાહ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(20) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(21) ડૉ. કમલેશભાઈ પટેલ : આમંત્રિત સભ્યશ્રી (સંયોજક, મ.દે. સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(22) ડૉ. ગીતાબહેન વ્યાસ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ)

(23) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી ( પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(24) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(25) ડૉ. છનાલાલ ભિંસરા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(26) ડૉ. સીતારામભાઈ દેશમુખ : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(27) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(28) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(29) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા.)

(30) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(31) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(32) ડૉ. બંકિમચંદ્ર વસૈયા : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ)

(33) ડૉ. ગૌરાંગભાઈ જાની : સભ્યશ્રી, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત નિષ્ણાત

(34) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

(1) ડૉ. રાજેન્દ્રભાઈ જોશી, સભ્યશ્રી, (પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (2) ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) અનુપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરી હતી.

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી શ્રી હેમંતભાઈ ભાવસાર (ઑનલાઇન) ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

**કાર્ય-1** તા. 07-01-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા. (પરિશિષ્ટ-1)

**ઠરાવ-1** તા. 07-01-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધનો ઠરાવ નં.-4 SWAYAM (સ્વયમ) દ્વારા મેળવાતી ક્રેડિટ કુલ અભ્યાસક્રમના 40 ટકા સુધી રાખવાનો સુધારો મંજૂર રાખ્યો અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-2** કા.પરીક્ષા નિયામકના સત્રાંત પરીક્ષાઓમાં પુનઃમૂલ્યાંકન(રીએસએસમેન્ટ)નાં ધોરણો અંગેના પત્ર બાબત.

**ઠરાવ-2** કા.પરીક્ષા નિયામકના સત્રાંત પરીક્ષાઓમાં પુનઃમૂલ્યાંકન(રીએસએસમેન્ટ)નાં ધોરણો અંગેના પત્ર બાબતે ચાલુ સત્રની પરીક્ષા પૂર્ણ થયા બાદ આવા કિસ્સા તપાસીને ફરી રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-3** મે-2022માં યોજાનારી સત્રાંત પરીક્ષા ગોઠવવા અંગે કા. પરીક્ષા નિયામકના પત્ર બાબત.

**ઠરાવ-3** દરેક વિભાગીય અધ્યક્ષ પરીક્ષાનું આયોજન કરીને તા. 15-03-2022 સુધીમાં પરીક્ષા વિભાગને જાણ કરે જે વિભાગ દ્વારા વિગત ન મળે તે વિભાગની પરીક્ષા, પરીક્ષા વિભાગ લે અને જે વિભાગ પોતાની રીતે પરીક્ષા લે તેનું સુપરવિઝન વિભાગ દ્વારા જ થાય તેમ ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-4** એકેડેમિક બેન્ક ઑફ ક્રેડિટ રેગ્યુલેશન્સ અંગે કા. પરીક્ષા નિયામકના પત્ર બાબત. (પરિશિષ્ટ-3)

**ઠરાવ-4** એકેડેમિક બેન્ક ઑફ ક્રેડિટ રેગ્યુલેશન્સ અંગે કા. પરીક્ષા નિયામકના પત્ર વંચાણે લેવામાં આવ્યો.

**કાર્ય-5** વિદ્યાપીઠના વિવિધ અભ્યાસક્રમોમાં ક્રેડિટ અંગે કા. પરીક્ષા નિયામકના પત્ર બાબત. (પરિશિષ્ટ-4)

ઠરાવ-5 વિદ્યાપીઠના વિવિધ અભ્યાસક્રમોમાં ક્રેડિટ અંગે કા. પરીક્ષા નિયામકના પત્રને વંચાણે લેવામાં આવ્યો. અન્ય યુનિવર્સિટીઓના આવા લેટરગ્રેડ અંગેના ગુણપત્રકો મેળવવા અને બધાં વિભાગોને મોકલી સૂચનો મેળવવા અને ગુણ અંગેનું પ્રમાણપત્ર આપવા માટે 1 ક્રેડિટના 25 ગુણ પ્રમાણે ગણતરી કરીને કુલ ગુણનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું. આ બાબત ગુણના પ્રમાણપત્ર પૂરતી જ મર્યાદિત રાખવી.

કાર્ય-6 પ્રવેશ માટે નિર્ધારિત કરવામાં આવેલી લઘુત્તમ ટકાવારી અંગે કા. પરીક્ષા નિયામકના પત્ર બાબત.

ઠરાવ-6 પ્રવેશ માટે નિર્ધારિત કરવામાં આવેલી લઘુત્તમ ટકાવારીમાં પૂર્ણ ગુણ હોય તે જ માન્ય રાખવાનો નિયમ છે, તેનુ ચૂસ્તપણે પાલન કરવું. દા.ત. 50 ટકા જરૂરી હોય ત્યાં 49.5 ટકા માન્ય રાખી શકાય નહીં તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 પરીક્ષા શુદ્ધિ સમિતિના અહેવાલ બાબત.

ઠરાવ-7 પરીક્ષા શુદ્ધિ સમિતિના અહેવાલને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 પરીક્ષા વિભાગ સંબંધિત ફીમાં સુધારા બાબત.

ઠરાવ-8 આ બાબતે ડૉ. મહેશભાઈ ગામીત, ડૉ. ડાહ્યાભાઈ પટેલની સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ પાંચ દિવસમાં પોતાનો અહેવાલ આપે ત્યારબાદ અંતિમ નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 વિવિધ અભ્યાસક્રમોની ફીમાં 10 ટકાનો વધારો કરીને શૈક્ષણિક વર્ષ 2023થી અમલ કરવા કુલનાયકશ્રીના સૂચન બાબત.

ઠરાવ-9 વિવિધ અભ્યાસક્રમોની ફીમાં 10 ટકાનો વધારો કરીને તેનું માળખું તમામ વિભાગનો મોકલીને સુધારા-વધારા મેળવીને શૈક્ષણિક વર્ષ 2023થી અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-10 MCA સત્ર-1,3 અને 5ના વિદ્યાર્થીઓને કોરોનાના કારણે પદયાત્રા ન થઈ હોવાથી તથા PGDCA સત્ર-1ના વિદ્યાર્થીઓને કોરોનાને કારણે પદયાત્રા અને ઉદ્યોગ કાર્ય ન થયું હોવાથી મુક્તિ આપવા માટે વિભાગીય અધ્યક્ષશ્રી કોમ્પ્યૂટર વિભાગના પત્ર બાબત.

ઠરાવ-10 બધાં જ વિષયોમાં સત્ર 1,3 અને 5માં ઉદ્યોગકાર્ય કરાવ્યું હોય તો તેના ગુણ ગુણપત્રકમાં દર્શાવવા અને ન કરાવ્યું હોય તો ગુણપત્રકમાં મુક્તિ દર્શાવવું તથા સત્ર 2,4 અને 6માં (સ્નાતક), સત્ર-4 (અનુસ્નાતક) ઉદ્યોગ અને સમૂહજીવનમાં 20 કલાક કામ કરાવી તેનું મૂલ્યાંકન કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 સમાજકાર્ય અનુસ્નાતકના વિદ્યાર્થી રાહુલ બારિયાના અભ્યાસનો મહત્તમ સમયગાળો પૂર્ણ થયા પછી આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ આપેલા મુદતવધારા બાબત.

ઠરાવ-11 સમાજકાર્ય અનુસ્નાતકના વિદ્યાર્થી રાહુલ બારિયાના અભ્યાસનો મહત્તમ સમયગાળો પૂર્ણ થયા પછી આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ કોરોના રોગચાળાને કારણે આપેલા મુદતવધારાને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું. ભવિષ્યમાં આવા કિસ્સાઓમાં પ્રવર્તમાન નિયમો પ્રમાણે જ કાર્યવાહી કરવી.

**પ્રમુખસ્થાનેથી રજૂ થયેલાં કાર્યો**

કાર્ય-12 શૈક્ષણિક વર્ષ-2022-23ના સંભવિત આયોજન બાબત.

ઠરાવ-12 શૈક્ષણિક વર્ષ-2022-23ના સંભવિત આયોજનને ધ્યાનમાં લેવામાં આવ્યું તથા અભિમુખતા શિબિર પ્રથમ સત્ર શરૂ થયાના 10 દિવસ પછી ગોઠવવાનું ઠરાવવામાં આવ્યું.

19/03/2022

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ